# સીમાડે રહેલા સૈનિકોના કારણે દેશમાં શાંતિ છે






મહુવામાં સંસ્કૃત સત્રની સંગોષ્ઠી ૩માં ભાગ લેનાર મંચસ્થ વકતાઓ અને ધ્યાનથી શ્રવણ કરતા મોરારિબાપુ (લવજી પરમાર)

## મહુવામાં સંસ્કૃત સત્રમાં મોરારિબાપુના હસ્તે લાડુના પ્રસાદનું વિતરણઃ વકતાઓનું સન્માન

મહુવાઃ મહુવાની માલણ નદીના કિનારે કૈલાસ ગુરૂકુળની ગોદમાં મોરારિબાપુના સાંનિધ્યમાં સંસ્કૃત સત્રનું આયોજન થયું છે. તેમાં ત્રીજા દિવસે ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી.

ત્રીજી સંગોષ્ઠીનું સંચાલન અજીતભાઇ ઠાકોરે કર્યુ હતું. જેમાં જયપ્રકાશ નારાયણ ત્રિવેદીએ તિલક મંજરી શિર્ષક હેઠળ હિન્દીમાં ધનપાલ પુત્રનું વર્ણન અને તિલક મંજરીની કથા, ગ્રંથ, પર્યાવરણની કવિતા રજુ કરી હતી. જ્યારે બીજા વકતા વિજયભાઇ પંડ્યાએ બ્રાહ્મણ સાહિત્ય કથા, સંસ્કૃત યજ્ઞ, બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞને આપવામાં આવતું મહત્વ, અસુરો અને દેવો વચ્ચેની હાર જીતની ઘટનાઓની વાતો કરી હતી.

જ્યારે ત્રીજા વકતા મનસુખ સાવલિયાએ વેતાલ પંચવિંશતિની કથાનું વર્ણન કરી બાળકોને મનપસંદ વિક્રમ વેતાલની કથા અંગે પ્રકાશ પાડ્યો હતો. વેતાલ પંચમીની વાર્તાને ૫૦ વર્ષ પહેલા પ્રકાશિત કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યુ હતું કે આજે આપણે અહીં એટલી શાંતિ છે તેનું કારણ દેશના સિમાડે સૈનિકો બેઠા છે તે છે. આપણા સિમાડાની રક્ષા કરે છે. એટલે આપણે શાંતિનો અનુભવ કરીએ છીએ.

દરમિયાન કૈલાસ ગુરુકુળમાં સંસ્કૃત સત્ર ૩ પૂર્ણ થયા બાદ મોરારિબાપુના હસ્તે ગણેશ ચતુર્થીના લાડુના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે વર્ષોની પરંપરા મુજબ સર્વે વકતાઓનું સુતરની માળા, કાળી શાલ અને ગ્રંથો અર્પણ કરી મોરારિબાપુએ સન્માન કર્યુ હતું.